# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


SGCCI

---

Ref no. PN 2025-26/089 Dt. 05/08/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'સુરતથી આફ્રિકા' વિષે સેશન યોજાયું

## ઉદ્યોગ સાહસિકોને આફ્રિકામાં ઉદ્યોગ સ્થાપવા, એક્ષ્પોર્ટ વ્યવસાય શરૂ કરવા તેમજ સ્થાનિક સ્તરે રહેલી ઉત્પાદનોની માંગ અને બિઝનેસ તકો અંગે વિસ્તૃત માહિતી અપાઇ

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા બુધવાર, તા. ૩૦ જુલાઇ ૨૦૨૫ના રોજ બપોરે ૩:૦૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે 'સુરતથી આફ્રિકા' વિષે સેશન યોજાયું હતું, જેમાં એરાઇઝ એલએલપીના જનરલ મેનેજર શ્રી મનિષ મહારાજ અને ટોગોના કન્ટ્રી હેડ શ્રી તુષાર ખૈરનારે સુરતના ઉદ્યોગ સાહસિકોને આફ્રિકામાં રહેલી બિઝનેસ અને એક્ષ્પોર્ટ માટેની તકો સંદર્ભે વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ચેમ્બર દ્વારા ઉદ્યોગ જગતને નવી તકો વિષે માહિતગાર કરવાનો પ્રયાસ કરવામાં આવે છે. આફ્રિકા ખંડમાં સુરતના ઉદ્યોગકારો માટે વિવિધ ઉદ્યોગોમાં રોકાણ અને વેપાર માટે વિશાળ તકો છે, જેને લઈને આવા સત્રોનું આયોજન કરી તેઓને માર્ગદર્શન અપાય છે.

એરાઇઝ એલએલપીના જનરલ મેનેજર શ્રી મનિષ મહારાજે સુરતના ઉદ્યોગ સાહસિકોને આફ્રિકામાં ઉદ્યોગ સ્થાપવા, એક્ષ્પોર્ટ વ્યવસાય શરૂ કરવા તેમજ સ્થાનિક સ્તરે કયા ઉત્પાદનોની માંગ છે તેના સહિત વિવિધ બિઝનેસ તકો અંગે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, આફ્રિકા વિકાસશીલ ખંડ છે જ્યાં ભારતીય ટેક્ષ્ટાઇલ, એગ્રો–પ્રોડકટસ, મશીનરી અને એસેન્શીયલ કન્ઝ્યુમર પ્રોડકટસ માટે વિશાળ બજાર ઉપલબ્ધ છે. સુરતના ઉત્પાદકો માટે આ એક સુવર્ણ તક છે.

તેમણે જણાવ્યું હતું કે, સુરતથી આફ્રિકામાં ટેક્ષ્ટાઇલ અને રેડીમેડ ગારમેન્ટ્સના એક્ષ્પોર્ટ માટે વિશાળ તકો છે. સુરત ટેક્ષ્ટાઇલ હબ છે અને આફ્રિકામાં સસ્તા અને ગુણવત્તાયુક્ત કપડાની ભારે માંગ છે. ખાસ કરીને પ્રિન્ટેડ ફેબ્રિક, સાડી, ડ્રેસ મટિરિયલ અને રેડીમેડ કપડાં માટે ત્યાં મોટા બજાર છે. આ ઉપરાંત, સુરતના હીરા અને જ્વેલરી આફ્રિકન રો મટિરિયલ (ડાયમંડસ) માટે મહત્વપૂર્ણ છે. આફ્રિકામાં બ્રાન્ડેડ અને કલાત્મક જ્વેલરીની પણ ભારે માંગ છે. આફ્રિકામાં બિલ્ડિંગ મટિરિયલ અને સિરામિકસ જેવા કે સિમેન્ટ, ટાઇલ્સ, નળ, અને પાઈપ્સ માટે ઊંચી માંગ છે. આ અંગે સુરત અને મોરબીથી સીધો એક્ષ્પોર્ટ શકય થઇ શકે છે.

એરાઇઝ એલએલપીના ટોગોના કન્ટ્રી હેડ શ્રી તુષાર ખૈરનારે જણાવ્યું હતું કે, આફ્રિકામાં નાના ઉદ્યોગો માટેની મશીનરી જેવી કે ટેક્ષ્ટાઇલ મશીન્સ, ફૂડ પ્રોસેસિંગ મશીન્સ અને પ્લાસ્ટિક મોલ્ડિંગ મશીન્સની માંગ છે. એગ્રીકલ્ચરલ પ્રોડકટસ અને ફૂડ પ્રોસેસિંગ, પ્લાસ્ટિક અને પેકેજિંગ મટિરિયલ, ફાર્માસ્યુટિકલ્સ અને હેલ્થકેરમાં જેનરીક દવાઓ, મેડિકલ ઇકિવપમેન્ટ અને આયુર્વેદિક – હર્બલ પ્રોડકટસની પણ માંગ છે. વધુમાં તેમણે કહયું કે, આફ્રિકા ખંડમાં પપ જેટલા દેશો છે, જ્યાં ઇસ્ટ આફ્રિકામાં કેન્યા, તાન્ઝાનિયા અને યુગાન્ડા તેમજ વેસ્ટ આફ્રિકામાં ઘાના, નાઈજીરિયા અને સેનેગલ જેવા દેશો વ્યાપાર માટે ખાસ મહત્વના છે.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી અને સુરતના ઉદ્યોગ સાહસિકો તેમજ એક્ષ્પોર્ટરો સેશનમાં ઉપસ્થિત રહયા હતા. ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી સંજય પંજાબીએ સેશન સંદર્ભે માહિતી આપી હતી. ચેમ્બરના ગ્લોબલ કનેકટના સીઇઓ શ્રી પરેશ ભટ્ટે સેશનનું સંચાલન કર્યું હતું. ચેમ્બરના ગ્લોબલ કનેકટના કો–ચેરમેન શ્રી કોમલ શાહે વકતાઓનો પરિચય આપી ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. વકતાઓએ ઉદ્યોગ સાહસિકો અને એક્ષ્પોર્ટરોના વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ સેશનનું સમાપન થયું હતું.